eMAGAZINE
SURAT MUNICIPAL CORPORATION
Issue 193
August 21, 2009

## લિંબાયત ઝોનમાં ડુંભાલ ટેનામેન્ટ ખાતે ન.પ્રા.શાળા ક્રમાંક નં.૨૨૯–૨૩૦ની ઉદ્‌ઘાટનવિધિ

સુરત મહાનગરપાલિકા ધ્વારા લિંબાયત ઝોનમાં ન.પ્રા.શાળા ક્રમાંક નં.૨૨૯–૨૩૦ની ઉદ્‌ઘાટનવિધિ તા.૧૫–૦૮–૨૦૦૯નાં રોજ સવારે ૧૧.૩૦ કલાકે મા. મેયરશ્રી રણજીતભાઈ ગીલીટવાલાના પ્રમુખપદે, મા. અધ્યક્ષશ્રી, જાહેર બાંધકામ સમિતિ, શ્રી દિપકભાઈ આફ્રિકાવાલાના વરદ્‌હસ્તે સંપન્ન થઈ ...

વધુ માટે કલીક કરો >>>>>>

## રાષ્ટ્રીય પર્વ સ્વાતંત્ર્યદિનની ઉજવણી

રાષ્ટ્રીય પર્વ સ્વાતંત્ર્યદિનની ઉજવણી નિમિત્તે તા.૧૫–૦૮–૨૦૦૯ના રોજ શનિવારે સવારે ૯.૩૦ કલાકે નવાનગર વોર્ડ ઓફિસ સામે, નીલગીરી સર્કલથી ઉધના યાર્ડ તરફ જતો રસ્તો, લિંબાયત, સુરત ખાતે મા. મેયરશ્રી રણજીતભાઈ એમ. ગીલીટવાલાના વરદ્‌હસ્તે ધ્વજવંદન કરવામાં આવેલ ...

વધુ માટે કલીક કરો >>>>>>

## જૈન પર્યુષણ પર્વ દરમ્યાન જીવદયા અને વન્યજીવ સંરક્ષણ સપ્તાહની ઉજવણી નિમિત્તે પ્રાણી સંગ્રહાલયમાં નિઃશુલ્ક પ્રવેશ મળશે

ગુજરાત રાજય સ્થાપનાના પચાસ વર્ષ પુર્ણ થવાના છે. તે વર્ષથી પ્રતિવર્ષ પવિત્ર શ્રાવણ માસના અતિ પવિત્ર જૈન પર્યુષણ સપ્તાહને "જીવદયા અને વન્યજીવ સંરક્ષણ સપ્તાહ" તરીકે ઉજવવાનું સરકારશ્રીના અનુરોધને ધ્યાને લઈ સુરત મહાનગરપાલિકાએ ચાલુ જૈન પર્યુષણ પર્વ દરમ્યાન ...

વધુ માટે કલીક કરો >>>>>>

## વ્યવસાયવેરા વિભાગની કામગીરી

સુરત શહેર વિસ્તારમાં વ્યવસાય વેરા વસુલાતની કામગીરી સુરત મહાનગરપાલિકા ધ્વારા કરવામાં આવે છે. આ કામગીરી હેઠળ કાયદાની જોગવાઈ મુજબ એનરોલમેન્ટ સર્ટીફીકેટ (ઈ.સી.) વ્યવસાયવેરો જેને લાગુ પડે છે તેવા કરદાતાઓએ વ્યવસાયવેરો ભરપાઈ કરવાની છેલ્લી તા. ૩૦–૦૯–૨૦૦૯ સુધીની છે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સાઉથ ઈસ્ટ ઝોન (લિંબાયત) વિસ્તારમાં અભિષેક માર્કેટમાં વ્યવસાયવેરાની વસુલાત ઝુંબેશ બાબત

સુરત મહાનગરપાલિકાના સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત) વિસ્તારમાં આવેલ અભિષેક ટેક્ષટાઈલ માર્કેટમાં નાણાકીય વર્ષ ૨૦૦૯–૧૦ ના વ્યવસાયવેરા વસુલાત ઝુંબેશ હાથ ધરાવમાં આવેલ ...

વધુ માટે કલીક કરો >>>>>>

## CTAG Meeting Held at SMC on 17th August 2009

Surat Technical Advisory Group (CTAG), which has been set up to provide advice on various technical matters to the Municipal Corporation, met on 17th August, 2009 at Muglisara, Surat ...

વધુ માટે કલીક કરો >>>>>>

## લિંબાયત ઝોનમાં ડુંભાલ ટેનામેન્ટ ખાતે ન.પ્રા.શાળા ક્રમાંક નં.૨૨૯–૨૩૦ની ઉદ્‌ઘાટનવિધિ

સુરત મહાનગરપાલિકા ધ્વારા લિંબાયત ઝોનમાં ડુંભાલ ટેનામેન્ટ ખાતે ન.પ્રા.શાળા ક્રમાંક નં.૨૨૯–૨૩૦ની ઉદ્‌ઘાટનવિધિ તા.૧૫–૦૮–૨૦૦૯નાં રોજ સવારે ૧૧.૩૦ કલાકે મા. મેયરશ્રી રણજીતભાઈ ગીલીટવાલાના પ્રમુખપદે, મા. અધ્યક્ષશ્રી, જાહેર બાંધકામ સમિતિ, શ્રી દિપકભાઈ આફ્રિકાવાલાના વરદ્‌હસ્તે સંપન્ન થઈ. આ પ્રસંગે મા. અધ્યક્ષ શ્રી, સ્થાયી સમિતિ, શ્રી મુકેશભાઈ દલાલ, મા. નેતાશ્રી, શાસક પક્ષ, શ્રી ભીમજીભાઈ પટેલ અતિથિવિશેષ પદે ઉપસ્થિત રહયા હતા.

આ નગર પ્રાથમિક શાળાના પ્રોજેકટનો ખર્ચ રૂા.૧,૦૧,૯૮,૧૭૬/– જેના બાંધકામનું ક્ષેત્રફળ ૧૮૪૭ ચો. મીટર, લાભાર્થી સંખ્યા અંદાજે ૭૦,૦૦૦, ફકત સાત માસના ટુંકા ગાળામાં આ શાળાનું નિર્માણ કાર્ય પૂર્ણ કરવામાં આવેલ છે. આ શાળાના નિર્માણથી ડુંભાલ ટેનામેન્ટ, કમરૂનગર, મીઠીખાડી, ફુલવાડી, આંબેડકર વસાહતના શાળાના વિદ્યાર્થીઓને લાભ થશે.

કલાસ રૂમ સંખ્યા ભોંય તળીયે ૬, ૫.૭૭ મીટર, × ૬.૦૦ મીટર, પ્રિન્સીપલ રૂમ–૧, ૨.૭૭ મીટર × ૪.૫૭ મીટર, સ્ટાફ રૂમ–૧, ૨.૭૭ મીટર × ૬.૦૦ મીટર, પ્રથમ માળ કલાસ રૂમ સંખ્યા ૭, ૫.૭૭ મીટર, × ૬.૦૦ મીટર, બીજો માળ, કલાસ રૂમ સંખ્યા ૭, ૫.૭૭ મીટર, × ૬.૦૦ મીટર, ત્રીજો માળ કલાસ રૂમ સંખ્યા ૩, ૫.૭૭ મીટર, × ૬.૦૦ મીટર, કોમ્પ્યુટર રૂમ–૧, મીટીંગ રૂમ–૧, વિજ્ઞાન ખંડ–૧, ૫.૭૭ મીટર, × ૬.૦૦ મીટર છે.

આ પ્રસંગે વિવિધ સમિતિના અધ્યક્ષશ્રીઓ,સદસ્યશ્રીઓ, મા.કમિશનરશ્રી, અધિકારીશ્રી/કર્મચારી ગણ તેમજ વિશાળ સંખ્યામાં શાળાના બાળકો તેમજ વિશાળ જનમેદની ઉપસ્થિત રહી કાર્યક્રમ સફળ બનાવ્યો હતો.

TOP

## રાષ્ટ્રીય પર્વ સ્વાતંત્ર્યદિનની ઉજવણી

રાષ્ટ્રીય પર્વ સ્વાતંત્ર્યદિનની ઉજવણી નિમિત્તે તા.૧૫–૦૮–૨૦૦૯ના રોજ શનિવારે સવારે ૯.૩૦ કલાકે નવાનગર વોર્ડ ઓફિસ સામે, નીલગીરી સર્કલથી ઉધના યાર્ડ તરફ જતો રસ્તો, લિંબાયત, સુરત ખાતે મા. મેયરશ્રી રણજીતભાઈ એમ. ગીલીટવાલાના વરદ્‌હસ્તે ધ્વજવંદન કરવામાં આવેલ. આ પ્રસંગે મા. ડે. મેયર શ્રી કિશોરભાઈ એસ. કાનાણી, મા. અધ્યક્ષ શ્રી, સ્થાયી સમિતિ, શ્રી મુકેશભાઈ દલાલ, મા. નેતાશ્રી, શાસક પક્ષ, શ્રી ભીમજીભાઈ પટેલ અતિથિવિશેષ પદે ઉપસ્થિત રહયા હતા.

આ પ્રસંગે શાળાના વિદ્યાર્થીઓ ધ્વારા સવારે ૮.૦૦ કલાકે લિંબાયત ઝોનના વિવિધ વિસ્તારમાં પ્રભાત ફેરી ફરી ધ્વજવંદનના સ્થળે ઉપસ્થિત રહયા હતા. આ પ્રસંગે મા. મેયરશ્રી રણજીતભાઈ ગીલીટવાલાએ સુરત મહાનગરપાલિકા ધ્વારા તાજેતરના સમયમાં અમલમાં આવનાર બી.આર. ટી. એસ. સેવાની વિસ્તૃત માહિતી આપી ટ્રાફીક ક્ષેત્રે ઘણા પ્રશ્નો હલ થવાની શકયતા દર્શાવી હતી.

બી. આર. ટી. એસ. સેવા સાથે અત્યંત આધુનીક બસ સેવાની સાથે આઉટર રીંગરોડ, ફલાય ઓવર બ્રિજ, બસ સ્ટેન્ડ, વોક વે તથા સબ–વેનું અનેરૂ આયોજન હાથ ધરવામાં આવનાર છે જેના કારણે આવાગમનના ઘણા પ્રશ્નોનું નિરાકરણ થશે. શહેરમાં સમાવિષ્ટ નવા વિસ્તારોને પાયાની સુવિધાઓ જેવી કે રસ્તા, સ્ટ્રીટ લાઈટ, સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ, પંપીગ સ્ટેશનનું નેટવર્ક, વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ, સ્ટોરેજ તથા ટ્રાન્સમીશન અને ડીસ્ટ્રીબ્યુશન નેટવર્કના કામો વિવિધ તબકકામાં પ્રગતિમાં છે. ટુંક સમયમાં આ વિસ્તારની જનતાને તેનો લાભ મળતો થઈ જશે તેઓ વિશ્વાસ વ્યકત કર્યો હતો.

સમગ્ર સુરત શહેરને પ્રાથમિક સગવડો, ગુણવત્તાસભર મળી રહે તે માટે સુરત મહાનગરપાલિકા કાર્યરત છે. આ સેવાઓ તેના માટે નકકી કરેલ બેંચ માર્ક લેવલ સુધી લઈ જવા માટે સુરત મહાનગરપાલિકા મકકમ પગલે આગળ વધી રહી છે.

અતિ વિકાશસીલ સુરત શહેરને વિવિધ સેવાઓ આપવા સુરત મહાનગરપાલિકાની કટિબધ્ધતાને દોહરાવી હતી. નજીકના ભૂતકાળમાં સુરત શહેરને Best Environmental friendly project તથા ... Initiatives in Urban Transport તથા તા.૧૩–૦૮–૨૦૦૯નાં રોજ મા. રાષ્ટ્રપતિ શ્રીમતિ પ્રતિભા પાટીલના વરદ્‌હસ્તે સુરત મહાનગરપાલિકાને "નેશનલ અર્બન વોટર એવોર્ડ ૨૦૦૯" મળેલ છે. રાષ્ટ્રીય સ્તર પર આપણાં શહેરની આ ગુણવત્તાસભર સેવાની સ્વીકૃતિ મળેલ છે. જે બદલ ગૌરવની લાગણી વ્યકત કરી હતી. તાજેતરના સમયમાં વિશ્વભરમાં ફેલાયેલ સ્વાઈન ફ્લુ નામની બિમારીથી નહીં ગભરાવવા પ્રજાને અપીલ કરી હતી.

ધ્વજવંદન કાર્યક્રમ બાદ સ્મીમેર (મેડીકલ કોલેજ)ની ટીમ, ફાયર અને ઈમરજન્સી સર્વિસીસની ટીમ, વોચ એન્ડ વોર્ડ વિભાગની ટીમ તેમજ ૨૮ અધિકારીશ્રી/કર્મચારીશ્રીઓને પ્રશંસનીય કામગીરી બદલ પ્રશંસાપત્ર તથા ટ્રોફી, આપવામાં આવેલ. ધોરણ–૧૦માં ચાલુ વર્ષે ટોપ ટેનમાં આવેલ ૨૭ વિદ્યાર્થીઓ, ૧૨ના સામાન્ય પ્રવાહના ટોપ ટેન ૧૬ વિદ્યાર્થીઓ, ૧૨ના વિજ્ઞાન પ્રવાહના ટોપ ટેન ૨૩ વિદ્યાર્થીઓ, સુમન હાઈસ્કુલ નં.૧ થી ૯ માં ધોરણ–૧૦ની પરિક્ષામાં પ્રથમ ૩ વિદ્યાર્થીઓને પ્રશંસાપત્ર તથા ટ્રોફી આપવામાં આવેલ. સુરત મહાનગરપાલિકાના અધિકારીશ્રી/કર્મચારીઓના ૪ બાળકોને રોકડ પુરસ્કારનું ઈનામ આપવામાં આવેલ.

સાંસ્કૃતિક કાર્યક્રમમાં પ્રથમ પ્રાર્થના, ત્યાર બાદ સ્વાગત નૃત્ય, દેશ રંગીલા, વીર ભગતસિંહ પર નાટક, મેરે દેશમે પવન ચલે....., અંતમાં લાવણની કૃતિ રજુ કરવામાં આવેલ.

આ પ્રસંગે વિવિધ સમિતિના અધ્યક્ષશ્રીઓ,સદસ્યશ્રીઓ, મા.કમિશનરશ્રી, અધિકારીશ્રી/કર્મચારી ગણ તેમજ વિશાળ સંખ્યામાં શાળાના બાળકો તેમજ વિશાળ જનમેદની ઉપસ્થિત રહી કાર્યક્રમ સફળ બનાવ્યો હતો.

TOP

## જૈન પર્યુષણ પર્વ દરમ્યાન જીવદયા અને વન્યજીવ સંરક્ષણ સપ્તાહની ઉજવણી નિમિત્તે પ્રાણી સંગ્રહાલયમાં નિઃશુલ્ક પ્રવેશ મળશે

ગુજરાત રાજય સ્થાપનાના પચાસ વર્ષ પુર્ણ થવાના છે. તે વર્ષથી પ્રતિવર્ષ પવિત્ર શ્રાવણ માસના અતિ પવિત્ર જૈન પર્યુષણ સપ્તાહને ''જીવદયા અને વન્યજીવ સંરક્ષણ સપ્તાહ'' તરીકે ઉજવવાનું સરકારશ્રીના અનુરોધને ધ્યાને લઈ સુરત મહાનગરપાલિકાએ ચાલુ જૈન પર્યુષણ પર્વ દરમ્યાન જીવદયા અને વન્યજીવ સંરક્ષણ સપ્તાહ તરીકેની ઉજવણી કરવા નકકી કરેલ હોય, નેચરપાર્ક–પ્રાણી સંગ્રહાલયમાં તા. ૨૩–૦૮–૦૯ સુધી તમામ મુલાકાતીઓને નિઃશુલક પ્રવેશ આપવામાં આવશે ઉપરાંત જીવદયા અને વન્યજીવ સપ્તાહ દરમ્યાન સામાન્ય પ્રજાજનોને વન્ય પ્રાણીઓ બાબતે જાણકારી મળી રહે અને તેમના પ્રત્યે મૈત્રીભાવે, કરૂણા અને કલ્યાકારી પ્રવૃતિને પ્રોત્સાહન મળે તે તમામ બાબતની જાણકારી પ્રાણીસંગ્રહાલય ખાતે આપવામાં આવશે, એમ સુરત મહાનગરપાલિકાની એક યાદીમાં જણાવેલ છે.

TOP

## વ્યવસાયવેરા વિભાગની કામગીરી

સુરત શહેર વિસ્તારમાં વ્યવસાય વેરા વસુલાતની કામગીરી સુરત મહાનગરપાલિકા ધ્વારા કરવામાં આવે છે. આ કામગીરી હેઠળ કાયદાની જોગવાઈ મુજબ એનરોલમેન્ટ સર્ટીફીકેટ (ઈ.સી.) વ્યવસાયવેરો જેને લાગુ પડે છે તેવા કરદાતાઓએ વ્યવસાયવેરો ભરપાઈ કરવાની છેલ્લી તા. ૩૦–૦૯–૨૦૦૯ સુધીની છે, પરંતુ આજ દિન સુધીમાં ઘણા ઈ.સી. કરદાતાઓએ વેરો ભરપાઈ. કરેલ ન હોય મહાનગરપાલિકાએ ખાસ ઝુંબેશ આદરી માર્કેટ વિસ્તારમાં સ્થળ પર ચકાસણી હાથ ધરી વ્યવસાયવેરો વસુલ કરવાની શરૂઆત કરેલ છે. જેના ભાગરૂપે તા. ૧૨–૦૮–૨૦૦૯ ના રોજ લિંબાયત ઝોન વિસ્તારમાં અભિષેક માર્કેટ ખાતે વ્યવસાયવેરા અધિકારી શ્રી કમલેશ નાયક તથા  શ્રી એન. જી.શેખ, મુખ્ય ગુમાસ્તાધારા નિરીક્ષક શ્રી વી.કે. પટેલ, લિંબાયત ઝોનના ગુમાસ્તાધારા નિરીક્ષક શ્રી ચલકવાલા તથા વ્યવસાયવેરો વસુલાત સેલ અને લિંબાયત ઝોનના કર્મચારીઓ ધ્વારા વસુલાતની કામગીરી હાથ ધરવામાં આવેલ હતી. જે ઝુંબેશ દરમ્યાન ૧૩૬ ઈ.સી. તથા ૨૮ આર.સી. સંસ્થા મળી કુલ રૂા. ૩.૫૨ લાખની વ્યવસાયવેરાની વસુલાત કરવામાં આવેલ છે. આમ, આગામી દિવસોમાં અન્ય ઝોનના ઈન્ડસ્ટ્રીયલ તથા માર્કેટ વિસ્તારોમાં પણ વ્યવસાયવેરા વસુલાતની સઘન ઝુંબેશ હાથ ધરવામાં આવનાર છે. બાકીદારો સામે કડક હાથે કાનુની કાર્યવાહી હાથ ધરી વ્યવસાયવેરાની વસુલાત કરવામાં આવશે તથા તા. ૩૦–૦૯–૨૦૦૯ પછી એનરોલમેન્ટ સર્ટીફીકેટ(ઈ.સી.) વ્યવસાયકર્તાઓને વ્યાજ સહિત વેરો ભરપાઈ કરવાનો રહેતો હોય તે પહેલા વ્યવસાયવેરો ભરી દેવા સુરત મહાનગરપાલિકાની અખબારયાદીમાં જણાવવામાં આવેલ છે.

TOP

## સાઉથ ઈસ્ટ ઝોન (લિંબાયત) વિસ્તારમાં અભિષેક માર્કેટમાં વ્યવસાયવેરાની વસુલાત ઝુંબેશ બાબત

સુરત મહાનગરપાલિકાના સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત) વિસ્તારમાં આવેલ અભિષેક ટેક્ષટાઈલ માર્કેટમાં નાણાકીય વર્ષ ૨૦૦૯–૧૦ ના વ્યવસાયવેરા વસુલાત ઝુંબેશ હાથ ધરાવમાં આવેલ. જેમાં ડે. કમિશ્નરશ્રી સી.જે. ગામીત સાહેબ (પ. અને ઈ.), એ.આર.ઓ. શ્રી શિરીષભાઈ નાયક વ્યવસાયવેરા અધિકારીશ્રી કમલેશભાઈ નાયક ગુમાસ્તાધારા નિરીક્ષકશ્રી સી.એચ. ચકલાવાલાના નેતૃત્વ હેઠળ અભિયાન હાથ ધરવામાં આવેલ. ઉપરોકત અભિયાનમાં ઈ.સી.ની કુલ સંસ્થા ૧૩૬ ના રૂા. ૩,૩૦,૮૫૭/– તેમજ આર.સી.ના કુલ ૩૧ સંસ્થાના રૂા. ૨૧,૨૩૦/– મળી કુલ રૂા. ૩,૫૨,૦૮૭/– ની સ્થળ પર વસુલાત કરવામાં આવેલ છે. વ્યવસાયવેરા વસુલાત માટે દુકાન થી દુકાન વસુલાત ઝુંબેશ સતત ચાલુ રાખવામાં આવનાર છે. જેથી દંડકીય પગલાથી બચવા માટે તમામ વ્યવસાયકારોને સમય મર્યાદામાં વ્યવસાયવેરો ભરપાઈ કરી દેવા અપીલ કરવામાં આવે છે.

TOP

# CTAG Meeting Held at SMC on 17th August 2009

Surat Technical Advisory Group (CTAG), which has been set up to provide advice on various technical matters to the Municipal Corporation, met on 17th August, 2009 at Muglisara, Surat.

Prof. P.D.Porey, Director, SVNIT, Surat, was fecilitated as Chairman, CTAG and City Technical Advisor. Shri Devi Prasad, Director, Centre for Social Studies, Surat, Shri Nishikant Mistry, President, Institute of Civil Engineers and Architects, Surat and Shri Rakesh Kabaria, Chairman Inidian Institute of Architects, Surat were present at members of CTAG. In addition, certain represntatives from City Voluntary Technical Corps, Surat had also been invited for the meeting.

At the outset, Municipal Commissioner Miss S. Aparna briefed the progress made on various initiatives sicne the last meeting of CTAG in March, 2009. Thereafter, a presentation on Water Conservation and Water Recycling was made by Shri D.N.Basak, Town Planner, Shri K. H. Khatwani, Executive Engineer (Head Water Works) and Shri Jatin Shah, Executive Engineer (Drainage).

During the discussion, it was pointed out that for the projted increase in the population of Surat City, an estimated demand for drinking water is likely to rise from current demand of 680 MLD to 1680 MLD in 2026 and over 2300 MLD in 2041. Surat Municipal Corporation is already implementing five projects with an overall cost of Rs.538 crore for augmenting water supply network in Vesu and Pal areas have been commissioned recently. The details regarding progress made so far for providing these facilities in the remaining areas of extended city limit, wre enumereated.

It was pointed out that under the National Action Plan on Climate Change, the National Water Mission focused on conersvation of water, minimizing wastage, equitable distribution, rain water harvesting, recycling and improvement in water usage efficiency.

**TOP**